ગુજરાત સમાચાર

# ટીવીનું ડિજિટલ ભાવિ

ભારતીય ટીવી ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ પક્ષ માટે ૧ નવેમ્બરનો દિવસ ઐતિહાસિક બની રહેશે. કારણ કે એ દિવસથી ભારતનાં ચાર મહાનગર- મુંબઇ, કોલકાતા, ચેન્નઇ અને દિલ્હીમાં ટીવીનું ડિજિટલ પ્રસારણ ફરજિયાત બન્યું. એટલે કે ટીવીમાં ડીટીએચ કનેક્શન કે સેટ ટોપ બોક્સ હોય, તો જ ટીવી ચેનલો જોઇ શકાય. નહીંતર અંધારપટ.

આવો નિર્ણય ફરજિયાત રીતે લાદવા સામે કચવાટ અને અસંતોષ હોય તે સમજી શકાય એમ છે. કારણ કે, તેનાથી સ્થાનિક કેબલ ઓપરેટરના કસદાર ધંધા પર સીધી અને માઠી અસર થવાની હતી. ટીવી પ્રસારણ ડિજિટલ ન હોય ત્યારે એ ત્રણ તબક્કે દર્શક સુધી પહોંચે છે. સૌથી પહેલાં વિવિધ ચેનલો કાર્યક્રમો તૈયાર કરીને તેમને પ્રસારિત કરે છે. મલ્ટી-સીસ્ટમ ઓપરેટર એ કાર્યક્રમના વિતરણની જવાબદારી સંભાળે છે અને છેલ્લે આવે છે સ્થાનિક કેબલ ઓપરેટર. તેમની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. કારણ કે પ્રસારણ ડિજિટલ ન હોય ત્યારે ચેનલ કાર્યક્રમ બનાવીને મૂકી દે અને મલ્ટી-સીસ્ટમ ઓપરેટર તેને આગળ ધપાવે, તો પણ દર્શકના ઘર સુધી કઇ ચેનલ પહોંચાડવી એની સત્તા સ્થાનિક કેબલ ઓપરેટર પાસે રહે છે. પ્રસારણ ડિજિટલને બદલે 'સાદું' (એનલોગ) હોય ત્યારે કેબલ કનેક્શનમાં ફક્ત ૧૦૦ ચેનલો જ સમાવી શકાય છે. એટલે ચેનલોની પસંદગીનું કામ અને સ્થાનિક કેબલ ઓપરેટરનો દબદબો ઓર વધે છે.

સ્વાભાવિક છે કે સ્થાનિક કેબલ ઓપરેટર આ બાબતનો ભરપૂર આર્થિક ફાયદો ઉઠાવે અને ચેનલો પાસેથી સારીપેઠે નાણાં વસૂલી શકે. પરંતુ આટલેથી તેમની ભૂમિકા અટકતી નથી. દર્શકો ચેનલોનું પ્રસારણ જોવા માટે જે ફી ચૂકવે છે, તે પણ ચેનલને કે મલ્ટી-સીસ્ટમ ઓપરેટરને નહીં, સ્થાનિક કેબલ ઓપરેટરને જ ચૂકવે છે. સ્થાનિક કેબલ ઓપરેટરે કેટલાં ગ્રાહકોને કનેક્શન આપ્યાં છે અને તેમની પાસેથી મહિને કેટલી ફી કુલ કેટલી રકમ મળી છે, એ જાણવા માટે મલ્ટી-સીસ્ટમ ઓપરેટરને ને છૂટકે કેબલ ઓપરેટરની વાત પર ભરોસો રાખવો પડે છે. ટૂંકમાં, ચેનલો રૂપિયા ખર્ચીને સામગ્રી તૈયાર કરે ને મલ્ટી-સીસ્ટમ ઓપરેટરો મોંઘાં ઉપકરણો વસાવીને એ સામગ્રીનું વિતરણ કરે, તેમ છતાં તેના વળતર માટે તેમને સ્થાનિક કેબલ ઓપરેટરના ઓશિયાળા રહેવું પડે છે, જેનું રોકાણ લઘુતમ છે અને તેને થતો ફાયદો મહત્તમ છે.

ચેનલો અને મલ્ટી-સીસ્ટમ ઓપરેટરને સતત એવો ધોખો રહ્યો છે કે સ્થાનિક કેબલ ઓપરેટર કદી કનેક્શનનો સાચો આંકડો કહેતા નથી, ગ્રાહકોના આંકડા ગુપચાવે છે અને તેમના હિસ્સાની રકમ પણ સ્થાનિક કેબલ ઓપરેટર પોતાની તિજોરીભેગી કરી દે છે. આવું ન થાય અને સ્થાનિક કેબલ ઓપરેટરની જરૂર જ ન રહે, એવી સગવડ ડિજિટલ પ્રસારણમાં છે. ચાર મહાનગરોમાં થયું તેમ, ડિજિટલ પ્રસારણ ફરજિયાત બની જાય એટલે એ ઝીલવા માટે દરેક ગ્રાહકે ડીશ કનેક્શન કે સેટટોપ બોક્સ જોઇએ. એ ન હોય તો ટીવીમાં દૂરદર્શન સિવાયની એકેય ચેનલ ન દેખાય.

પરંતુ ટીવી સાથે સેટટોપ બોક્સ - ડીટીએચની ડિશ લાગી ગઇ, તો પછી સ્થાનિક કેબલ ઓપરેટરની કશી જરૂર નહીં. કારણ કે ચેનલો સામગ્રી બનાવે અને મલ્ટી-સીસ્ટમ ઓપરેટર પોતાના સાધનસરંજામથી તેને સીધી ગ્રાહકના ઘરમાં રહેલાં સેટ ટોપ બોક્સ અને ડિશ સુધી પહોંચતી કરી દે. આ કારણથી કેબલ ઓપરેટરોનાં સંગઠન તેનાથી ઘણાં નારાજ થયાં હતાં. તેમણે વિરોધ કરી જોયો. પશ્ચિમ બંગાળમાં વિરોધપ્રેમી મુખ્ય મંત્રી મમતા બેનરજીએ આ મુદ્દાને રાજકીય રંગ આપવા પ્રયાસ કરી જોયો, પણ કોઇનો ગજ વાગ્યો નહીં. કારણ કે ટીવી પ્રસારણનું ડિજિટલ થવું એ ટેકનોલોજીની અનિવાર્ય આગેકૂચનો જ હિસ્સો છે. તેને થોડા સમય પૂરતી કદાચ અટકાવી શકાય, પણ તેને સદંતર રોકવી શક્ય નથી.

મુંબઇ અને દિલ્હીમાં લગભગ તમામ દર્શકોની ટીવી ડિજિટલ પ્રસારણ માટે સજ્જ થઇ ચૂક્યાં છે. કોલકાતામાં મમતા બેનરજીની વિરોધ હિલચાલ પર ભરોસો રાખ્યા વિના, ૮૩ ટકા દર્શકોએ સેટટોપ બોક્સ લઇ લીધાં છે. ચેન્નઇમાં પ્રમાણમાં આ પ્રક્રિયા ધીમી છે. ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં આખા દેશમાં ટીવીનું ડિજિટલ પ્રસારણ ફરજિયાત બનાવવાની સરકારની ગણતરી છે અને તેમાં અત્યારે તો સ્થાનિક કેબલ ઓપરેટર સિવાય સૌનો ફાયદો જ છે.

### સૈન્ય નીતિમાં ઓબામા તરફેણ કરે છે અને આર્થિક નીતિમાં રોમ્ની સારા લાગે છે

# ભારત માટે કોણ સારું, ઓબામા કે રોમ્ની?

આઝાદીના આરંભિક દાયકામાં એવું કહેવાતું હતું કે મોસ્કોમાં ઠંડી વધી જાય તો દિલ્હીના નેતાઓ સ્વેટર પહેરવા લાગે. ભારતની રશિયા પરની નિર્ભરતા એ મજાકમાં વ્યક્ત થતી હતી. અમેરિકા અને રશિયા વચ્ચેના શીતયુદ્ધના એ દૌરમાં ભારત તટસ્થ હતું અને અમેરિકા ય નહિ ને રશિયા ય નહિ એવા બિનજોડાણવાદી દેશોના સંગઠન (નામ)નું પ્રણેતા પણ હતું. આમ છતાં અમેરિકાએ 'જે અમારી સાથે નથી તે અમારી સામે છે' પ્રકારનું અંતિમવાદી વલણ રાખીને ભારતને કાયમ 'બેવફા'ની કક્ષામાં મૂકી રાખ્યું હતું. પાકિસ્તાનની અમેરિકા દ્વારા થતી સીધી તરફદારી અને '૭૧ના યુધ્ધમાં તો યુધ્ધજહાજ એન્ટરપ્રાઈઝનો કાફલો સુધ્ધાં ભારત તરફ તાકવાની અમેરિકાએ ધમકી આપી હતી.

આજે પાંચ દાયકા પછી સ્થિતિ ધડમૂળથી બદલાઈ ગઈ છે. મહાસત્તાના બીજા અંતિમ પર ઊભેલું રશિયા વિઘટન પામ્યા પછી હવે ઘર સંભાળીને બેસી ગયું છે. જ્યારે ભારતની વધતી આર્થિક ક્ષમતા અને અમેરિકન કંપનીઓ માટે ઊભરતું બજાર એ બે મુદ્દાઓને લીધે અમેરિકાનું વ્હાલ હવે ભારતના ગાલ પંપાળવા માંડ્યું છે. આ સંજોગોમાં ગઈકાલે થયેલી અમેરિકી પ્રમુખપદની ચૂંટણી ભારત માટે પણ લાંબાગાળાના અનેક પરિણામોનું, નીતિઓમાં બદલાવનું નિમિત્ત બની શકે છે. અત્યાર સુધી ડેમોક્રેટ ઉમેદવાર બરાક ઓબામા અને રિપબ્લિકન મીટ રોમ્ની વચ્ચે કસોકસની હરિફાઈ હોવાનું ચિત્ર ઉપસતું હતું પરંતુ આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્ડી વાવાઝોડામાં મજબૂત કામગીરીના પગલે ઓબામા આગળ હોવાનું વર્તાય છે.

હાલ અમેરિકામાં વસતા ભારતવાસીઓની સંખ્યા સ્હેજે ય ૩૦ લાખથી વધારે છે. દરેક ભારતીયના સરેરાશ દસ નજીકના પરિવારજનો ભારતમાં વસતા હોય તેવી ધારણા રાખીએ તો પણ ભારતમાં ૩ કરોડ લોકો એવા છે જેમને અમેરિકામાં સેન્ડી વાવાઝોડું ત્રાટકે કે પ્રમુખપદની ચૂંટણી થાય, તેમના કાન સરવા થવાના જ. આ ઉપરાંત ભારતમાં આર્થિક ઉદારીકરણના પગલે વધી રહેલો અને મજબૂત બની રહેલો બહુ મોટો મધ્યમવર્ગ એવો છે જે સીધી કે આડકતરી રીતે અમેરિકામાં મૂળિયા ધરાવતી કંપનીઓ સાથે સંકળાયેલો છે. અમેરિકામાં થતું સત્તા પરિવર્તન એ વર્ગ માટે પણ ધ્યાન ખેંચનારૂં બની રહે તે સ્વાભાવિક છે.

સત્તા પર ઓબામા આવે તો ભારતને વધુ ફાયદો થશે કે મીટ રોમ્ની ભારત પ્રત્યે વધુ કૂણું વલણ દાખવશે તેની ગણતરી હાલ મંડાઈ રહી છે. અમેરિકામાં વસતાં ભારતીયોની પસંદ અને નાપસંદ જેટલી દોન ધ્રુવ પર



તરંગિત થાય છે એવી જ રીતે ઓબામા કે રોમ્નીનું ભારત પ્રત્યેનું વલણ પણ હાલ સંદિગ્ધ છે. આમ જુઓ તો, છેલ્લા ત્રણેક દાયકાથી અમેરિકામાં વસતાં

### પ્રચાર ઝુંબેશમાં ભલે બધા ભારતીય સમુદાયને રિઝવે પણ ચૂંટાયેલો પ્રમુખ તો છેવટે અમેરિકાનું હિત જ જોવે એ સહજ છે

ભારતીયો મુખ્યત્વે ડેમોક્રેટિક પાર્ટીના ટેકેદાર ગણાતા આવ્યા છે. હજુ પણ ચારેક દાયકાથી અમેરિકામાં વસતાં ભારતીયો તો ડેમોક્રેટિક ઉમેદવારને જ મત આપશે એવું બરાક ઓબામાનું પ્રચાર તંત્ર પણ છાતી ઠોકીને કહે છે.

**અલ્પવિરામ**
**- ધૈવત ત્રિવેદી**

તેની સામે નવી પેઢીના ભારતીયોનો ઝોક કંઈક અંશે રિપબ્લિકન તરફ વળ્યો હોવાની ધારણા પણ વ્યક્ત થઈ રહી છે. ખાસ કરીને, ઓબામાએ આઉટસોર્સિંગ સામે જે રીતે કડક વલણ

### ગત ચૂંટણીમાં ૮૬ ટકા ભારતીયોએ ઓબામાને મત આપ્યો હતો આ વખતે તેમાં ફાંટા પડ્યા છે

અપનાવ્યું અને તેમાં ૭૦ ટકા ઘટાડો કરવાની જાહેરાત કરી તેની સીધી અસર ભારતને પડે તેમ છે. આ મુદ્દો પણ યુવા અમેરિકન ભારતીયોમાં ઓબામા પ્રત્યે નારાજગીનું કારણ બની શકે તેમ છે. બરાક ઓબામા ભારતમાં જેટલાં લોકપ્રિય છે એટલાં ભારતીય અમેરિકનોની નવી પેઢીમાં નથી એ વિશે ડેમોક્રેટિક થિન્ક ટેન્ક પણ ચિંતિત છે. એટલા માટે જ બીજી અને ત્રીજી ડિબેટમાં ઓબામાએ સિલિકોન વેલીમાં કામ કરતાં ઈમિગ્રન્ટ્સ માટે ખાસ પેકેજની હિમાયત કરી છે. કારણ કે, સોફ્ટવેર ક્ષેત્રે અમેરિકામાં પણ ભારતીયોનો દબદબો છે અને આ જાહેરાત થકી ઓબામા એ વર્ગને પોતાની તરફેણમાં લેવા ધારે છે.

તેની સામે મીટ રોમ્નીની વિચારધારા મીડલ ઈસ્ટ એશિયાના રાજકારણમાં બહુધા ઈઝરાયલ તરફી હોવાનું મનાય છે. રોમ્નીના પ્રચાર ભંડોળમાં પણ યહુદી લોબીએ મોટાપાયે અનુદાન આપ્યું છે. ઈઝરાયલ તરફી હોવું એ સિક્કાની બીજી બાજુએ આરબ-મુસ્લિમ વિરોધી હોવું એવું આપોઆપ લખાઈ જાય છે. પરિણામે, રોમ્નીએ પોતે કશો જ ફોડ પાડ્યો ન હોવા છતાં રોમ્ની પાકિસ્તાન પ્રત્યે વધુ કડક વલણ દાખવશે જેનો સીધો લાભ સરવાળે ભારતને મળશે તેવી ગણતરી હેઠળ રિપબ્લિકન પ્રત્યેનો ઝુકાવ પણ વધ્યો છે. આર્થિક બાબતોમાં પણ રોમ્નીનું વલણ ઉદારવાદી ગણાય છે. જેનો લાભ પણ ભારતીય અર્થતંત્રને થઈ શકે છે.

ડેમોક્રેટિક પાર્ટીનું ગણિત જોકે અલગ છે. ૨૦૦૮ની ચૂંટણીમાં ૨૮ લાખથી સહેજ વધારે વસ્તી ધરાવતા અમેરિકી ભારતીયો પૈકી ૭૧ ટકાએ મતદાન કર્યું હતું અને એ પૈકી ૮૪ ટકાના મત બરાક ઓબામાના ફાળે ગયા હતા. ડેમોક્રેટિક પ્રચાર તંત્રે આ વખતે વર્જિનિયા, ન્યુજર્સી, ન્યુયોર્ક, મિશિગન અને નોર્થ કેરોલિના જેવા ભારતીયોની ખાસ્સી વસ્તી ધરાવતા પ્રાંતો પર ધ્યાન કેન્દ્રિત કરીને ગયા વખતની વોટિંગ પેટર્ન જાળવી રાખવા પ્રયત્ન કર્યો છે. દરેક રાજ્યોમાં ભારતીય સમુદાય સાથે બરાક ઓબામા ઈ-મિટિંગ પણ કરી ચૂક્યા છે, જેમાં તેમણે આઉટસોર્સિંગ અને અન્ય આર્થિક બાબતો અંગે પોતાના કહેવાતા ભારતવિરોધી વલણ વિશે ફોડ પાડ્યો છે. ભારતીયોમાં ઓબામા પ્રત્યે નારાજગી ઊભી થવાનું બીજું કારણ છે એચ-૧ અને એલ-૧ વિઝાની ફીમાં થયેલો ધરખમ વધારો. આ બાબત વ્યક્તિગત હોવાથી ભારત પ્રત્યેની સૈન્ય નીતિમાં અમેરિકાએ તરફદારી કરી હોવાનું ઓબામા ભારતીયોને ઠસાવી શક્યા છે પરિણામે ભારતીયોની વોટિંગ પેટર્ન આ વખતે પણ ઓબામાને બીજી ટર્મ આપવામાં મદદરૂપ થશે એવું ડેમોક્રેટ છાવણી દૃઢપણે માને છે.

મીટ રોમ્ની જોકે તેમના પૂરોગામી રિપબ્લિકન પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશના કાર્યકાળનું સ્મરણ કરાવે છે. ભારતીયો સાથેની ઈ-મિટિંગમાં તેમણે જ્યોર્જ બુશના કાર્યકાળ દરમિયાન ભારત પરથી હટાવાયેલા પ્રતિબંધોનું સ્મરણ કરાવવા ઉપરાંત બે પ્રાંતના ગવર્નર બોબી જિંદાલ અને નીકિ રંધાવા ભારતીય મૂળના હોવા પર ભાર મૂક્યો હતો. આ સિવાય પોતે જો સત્તા પર આવશે તો આઉટસોર્સિંગ કરતી કંપનીઓ પર ટેક્સ વધારવાને બદલે તેમને ભારત સાથે વ્યાવસાયિક સંબંધો વિકસાવવાની મોકળાશ મળે એ પ્રકારે પ્રોત્સાહન આપશે એવી પણ રોમ્નીએ જાહેરાત કરી છે.

સરવાળે, હાલ ઓબામા કે રોમ્ની બંને ભારત માટે સરખા ફાયદાકારક કે નુકસાનકર્તા જણાય છે. ઓબામા સૈન્ય નીતિમાં ભારતની તરફેણ કરે છે તો રોમ્ની આર્થિક બાબતોમાં ભારત પ્રત્યે કૂણાં છે. ઓબામા હજુ પણ પાકિસ્તાન પ્રત્યે જરૂર મુજબની કડકાઈ દાખવી શક્યા નથી જ્યારે રોમ્ની ઈઝરાયલની ભલામણથી પાકિસ્તાન પ્રત્યે લાલ આંખ કરી શકે છે. જોકે, ઈતિહાસ ગવાહ છે કે, અમેરિકા મૂળભૂત રીતે જ ઈમિગ્રન્ટ્સ કન્ટ્રી છે ત્યારે દરેક ઉમેદવાર દરેક સમુદાયનું સમર્થન મેળવવા મહેનત તો કરે જ. આમ છતાં ચૂંટાયેલો દરેક પ્રમુખ છેવટે તો અમેરિકન જ હોય છે. નવા પ્રમુખ પણ, ઓબામા હોય કે રોમ્ની, અમેરિકાનું હિત જળવાતું હશે તો ભારતને વ્હાલ કરશે અને જ્યાં હિત ટકરાતા હશે ત્યાં ચૂંટિયો પણ ખણશે એ નક્કી સમજવાનું.

### નવા ચહેરાઓના આઈડયાનો ઉપયોગ થશે

# ૨૦૧૪ના જંગ માટે સરકાર આત્મવિશ્વાસ ભેગો કરી રહી છે

પ્રધાનમંડળમાં નવા ચહેરાઓને સમાવીને યુપીએ કેન્દ્ર સરકારે ઘણાં સળગતા મુદ્દે સમાધાન કરવામાં સફળતા મેળવી છે. પરંતુ ચૂંટણી આડે હવે માંડ ૧૪ મહિના બાકી છે. છેલ્લા છ મહિના તો ઉમેદવારોની પસંદગી અને પ્રચાર વગેરેમાં જવાના છે. આમ જે નવા ચહેરા સમાવાયા છે તેમના માટે માત્ર આગામી છ મહિનાનો સમય છે માત્ર આટલા સમય દરમ્યાન ભારતના રાજકારણમાં કોઈ ધરખમ ફેરફાર શક્ય નથી.

જે નવા ચહેરા આવ્યા છે તે કશું ના કરે તો કંઈ નહીં પણ કોઈ વિવાદ ઉભો ના કરે અને સમાચાર માધ્યમો સામે બાખડી ના પડે તે મહત્વનું છે. આ બધા કંઈક નવું કરી બતાવવાની લ્હાયમાં બીન જરૂરી નિર્ણયો લેશે અને વિવાદમાં ના ફસાય તે માટે વડાપ્રધાન મનમોહન સિંહે દરેકને સૂચના આપી છે. ટૂંકમાં કામ કર્યા કરો અને સમાચાર માધ્યમોથી ચેતતા રહેજો એવો મેસેજ સરકારે નવોદિતોને આપી દીધો છે.

### કોઈ દેખીતો ચમત્કાર થઈ શકે એમ નથી : ફેરફારની છેલ્લી ગેમ રમાઈ છે

સરકારને સત્તાવાર રીતે એક વર્ષ બાકી છે ત્યારે પ્રધાન મંડળમાં ફેરફારો આગ લાગે ત્યારે કૂવો ખોદવાની સ્થિતિ સમાન છે. સરકાર સામે ભ્રષ્ટાચારના ઘણા આરોપો છે. સરકાર મોંઘવારી તરફથી લોકોનું ધ્યાન અન્યત્ર દોરાય તેમાં વ્યસ્ત છે. કદાચ, પ્રધાનમંડળનું વિસ્તરણ તેનો એક ભાગ છે.

વડાપ્રધાન મનમોહનસિંહે ગયા અઠવાડીયે દરેક પ્રધાનોની સાથે બેઠક યોજી હતી. નવા ચહેરાઓ પાસેના આઈડયાનો મહત્તમ ઉપયોગ કરવા પણ જણાવ્યું હતું.એક તરફ મુખ્ય વિરોધ પક્ષ ભાજપના પ્રમુખ ભ્રષ્ટાચારના આરોપોના મારામાં છે, અણ્ણા હજારે હવે મેદાનમાં નથી, જ્યારે અરવિંદ કેજરીવાલ આક્ષેપો કરવાથી આગળ વધે એમ નથી એ સમજીને કોંગ્રેસે પ્રધાન મંડળનું વિસ્તરણ કર્યુ છે. એક સમયના સાથી પક્ષ તૃણમુલ કોંગ્રેસની નારાજગીનો ડર પણ હવે સરકારને નથી. સરકારને બહારથી પુરતો ટેકો મળવાની સાથે લોકસભામાં તેની પાસે સ્પષ્ટ બહુમતી છે. આ બધા મુદ્રા ઉપરાંત કોંગ્રેસ રાહુલ ગાંધીની પસંદગી અને વિચારનો પણ ખ્યાલ રાખવાનો હતો.

બધાને એમ હતું કે રાહુલ ગાંધીને પ્રધાન મંડળમાં સમાવેશે પરંતુ રાહુલે સંગઠનની જવાબદારીમાં રસ લીધો હતો. થોડા સમયમાં કોંગ્રેસ સંગઠનના માળખામાં ફેરફાર કરશે. આ માળખામાં તેમને મહત્વનું સ્થાન મળશે એમ કહેવાય છે. રાહુલ ગાંધી પર કોંગ્રેસને ઘણો મદાર છે પરંતુ ઉત્તર પ્રદેશની ચૂંટણીઓમાં થયેલ ધબડકા બાદ કોંગ્રેસ હતાશ હતી.

જો કે કોંગ્રેસે હતાશા ખંખેરીને ૨૦૧૪ના જંગ માટેની તૈયારી આગળ વધારી છે. રાજકીય સમિક્ષકો માને છે કે કોંગ્રેસ ૧૫૦ બેઠકોમાં સમેટાઈ જશે. કોંગ્રેસના વહિટવકારો માને છે કે સૌથી વધુ ૮૦ બેઠકો ધરાવતા ઉત્તર પ્રદેશમાં તેને વધુ બેઠકો મળે એમ નથી એટલે હવે આંધ્ર પ્રદેશ અને કર્ણાટક પર ધ્યાન કેન્દ્રીત કરાયું છે. આ બંને રાજ્યો પાસે કુલ ૭૦ બેઠકો છે. એક સમયે આંધ્ર પ્રદેશ કોંગ્રેસનો ગઢ હતો. પરંતુ કોંગીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રાજશેખર રેડ્ડીના પુત્ર જગન રેડ્ડીએ ઉભો કરેલો પડકાર કોંગ્રેસને હંફાવશે જ્યારે બીજી તરફ કર્ણાટકમાં કોંગ્રેસ ભાજપની બળવાખોરીમાંથી લાભ ઉઠાવવા મથે છે. કર્ણાટકમાં યેદુઆરપ્પા ભાજપની સરકારને ડામડોળ કરી રહ્યા છે.૨૦૧૪ પહેલા તેર રાજ્યોમાં ચૂંટણી જંગ છે. આમ ૨૦૧૩નું આખું વર્ષ ચૂંટણીઓના મોજાથી ભરેલું હશે !! સરકારે જે નવા પ્રધાનો પ્રધાન મંડળમાં સમાવ્યા છે તેમને પણ પ્રચારમાં જોતરવામાં આવશે.

સરકાર હવે જે કંઈ તૈયારી કરે છે તે ૨૦૧૪ માટે કરે છે. સરકાર એવું દર્શાવા માગે છે કે ભ્રષ્ટાચારના આરોપો પાયા વિનાના છે અને વિરોધ પક્ષોનું કાવત્રું છે. સરકાર સામે વિપક્ષો રોજ નવા આક્ષેપો કરે છે. છેલ્લો સુબ્રમણયમ સ્વામીએ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર આક્ષેપો કર્યા ત્યારે તરત જ રાહુલ ગાંધીએ કોર્ટની રાહે પગલાં લેવામાં આવશે એમ કહ્યું હતું.

પ્રથમ નજરે પ્રધાન મંડળના નવા ચહેરાઓ હવેના છ મહિનામાં કોઈ ચમત્કાર કરી શકે એમ નથી. સરકારે પ્રધાન મંડળની ખાલી જગ્યાઓ અને વધારાનો હવાલો ધરાવતા પ્રધાનોને થોડી રાહત કરી આપે છે. પ્રધાન મંડળના નવા ચહેરાઓ છેલ્લા ચાર વર્ષથી પક્ષમાં હતા પરંતુ પોતાના મતવિસ્તાર માટે પણ કોઈ નક્કર કામ કરી શક્યા નથી તેમ પણ હકીકત છે. આ સંજોગોમાં તેમની પાસે બહુ અપેક્ષા રખાય તેમ નથી છતાં પરિવર્તન થોડો નવો ફેરફાર અને આત્મવિશ્વાસ જગાડે છે તે પણ હકીકત છે.

# ભાઈબીજે જ્યાં લાખો લોકો સ્નાન કરશે તે દેશની 'ડાઇંગ ગોડેસ'

અઠવાડીયા પછી ભાઈબીજ આવી રહી છે. ભાઈબીજે યમુનામાં સ્નાનનું મહત્ત્વ શ્રદ્ધાળુઓમાં છે. લાખો શ્રદ્ધાળુઓ ભાઈબીજનું સ્નાન કરશે. શ્રદ્ધાળુઓ જેને યમુના મૈયાના નામે વધાવે છે તે યમુનાને ગંદકીનું સામ્રાજ્ય ધરાવનાર બની ગઈ છે. યમુના સાથે ઘણી ધાર્મિક વાતો જોડાયેલી છે.



ધાર્મિક વાતોની જેમ યમુના સાથે ગંદા પાણીની ગટરો પણ જોડાયેલી છે. દિલ્હીના કારખાનાઓના ગંદાપાણીનો નિકાલ સીધો જ યમુનામાં કરે છે. યમુના મૈયામાં પાણી સાથે ગંદકી વહે છે અને છેલ્લે તે ગંદા નાળામાં ફેરવાય છે તે સામે વૈષ્ણવ સંપ્રદાયે પણ સરકારને રજૂઆત કરી છે.

નાનું છોકરું પણ સમજી શકે છે કે નદીનું પાણી દૂષિત કેમ થાય છે. પરંતુ સત્તાવાળાઓ લાચાર છે, ભ્રષ્ટાચારી અધિકારીઓના કારણે ખળખળ વહેતી યમુના ગંદા વહેણમાં પરિવર્તન પામે છે. બે દિવસ અગાઉ સુપ્રીમ કોર્ટે યમુના નદીની ગંદકીની ચિંતા વ્યક્ત કરીને સત્તાવાળાઓને ખખડાવ્યા હતા. કેમકે આ સત્તાવાળાઓએ અત્યાર સુધીમાં ચાર લાખ પચાસ હજાર કરોડ રૂપિયા યમુનાના શુદ્ધિકરણ પાછળ ખર્ચી નાખ્યા છે. આ ૪,૫૦,૦૦૦ કરોડ હકીકતે પાણીમાં ગયા છે.

ચાર લાખ પચાસ હજાર કરોડ યમુના શુદ્ધિકરણ માટે વપરાય છતાં યમુના ગંદી રહે ત્યારે આટલી જંગી રકમ ક્યાં ગટર થઈ ગઈ તે પણ મોટો પ્રશ્ન છે.

આટલી મોટી રકમ કંઈ યમુનાના પાણીમાં વહી નથી ગઈ પણ શુદ્ધિકરણના વિવિધ શેખચલ્લી આઈડયાના નામે લૂંટી લેવાઈ છે. ગંગાના શુદ્ધિકરણ માટે જેમ પૈસા વેડફાયા એમ યમુનાના શુદ્ધિકરણ માટે વેડફાયા છે.

આપણે નદીને માતા કહીએ છીએ. તે જીવનદોર છે. છતાં આ કુદરતી માતાની સાચવણી આપણે કરી શકતા નથી. ભારતની અનેક નદીઓ તેના મૂળ સ્થાનેથી ખડખડ કરતી નીકળે છે પણ અંતે તે એક ગંદાનાળાની જેમ વહે છે. આ નદીઓમાં કિનારા પરના કારખાનાના પાણી ઠલવાય છે. ઘણી નદીઓમાં અર્ધ બળેલા મૃતદેહો ઠલવાય છે. દરેકના કિનારા પર ગંદકીના ઢગલા હોય છે.

નદીઓના શુદ્ધિકરણ માટે કોઈ ચોક્કસ પ્લાન નથી જેના કારણે અશુદ્ધિ વધતી જાય છે. તેના પર જામ્યા પછી

**પ્રસંગપટ**

ઉહાપોહ થાય છે ત્યારેતે ગંદકી દૂર કરવા કરોડો ખર્ચા છે પરંતુ ગંદકી ના થાય એવા કોઈ પગલાં લેવાતા નથી.

સુપ્રીમ કોર્ટે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને હરિયાણાની સરકારોને ચેતવણી આપી છે કે ૭ નવેમ્બર પહેલાં યમુના શુદ્ધિકરણનો પ્લાન રજૂ કરવા જણાવ્યું છે. સુપ્રીમે એમ પણ કહ્યું છે કે જો આ રાજ્ય સરકારો સક્રિય નહીં બને તો તે સીધી દરમ્યાનગીરી કરશે.

યમુના શુદ્ધિકરણમાં ઘણી સંસ્થાઓ જોડાયેલી છે. સરકારે એવો નિર્ણય કર્યો હતો કે કિનારા પર ગંદા પાણીનો નિકાલ કરતી ૧૦ ફૂટ ઉંડે સુધીની પાઇપ મળે તો તેને કાઢી નાખવી પરંતુ ગંદા પાણીનો નિકાલ કરતા કારખાનાઓ પાસે પાણીના નિકાલનો કોઈ રસ્તો નથી. એટલે આ કારનાખાવાળાઓએ પાણીના નિકાલની પાઈપો ૨૦ ફૂટ અંદર ઉતારી દીધી. પાણી બેકફૂટના મારે એટલે તેની પણ વ્યવસ્થા કરી દીધી હતી. સત્તાવાળાઓ સબસલામત સમજ્યા પણ તેમના જ ભ્રષ્ટ અધિકારીઓએ કરાખાનાવાળાને આઈડીયા આપ્યો હતો.

વ્યક્તિગત સ્તરે યમુનાને ગંદી બનતી અટકાવી શકાય છે. જેમકે વિધીના ફૂલો તેમાં ના નાખવા અર્ધ બળેલા મૃતદેહો તેમાં ના પધરાવવા બાબતની મન્યતાઓ તોડવી, સાબુથીસ્નાન ના કરવું, ગંદાપાણીની પાઈપ અંદર નજરે પડે તો સરકારને લખવું વગેરે સૂચના યમુનાના કિનારે મુકાઈ છે. સરકાર યમુના શુદ્ધિકરણ બાબતે ગંભીર નથી એટલે જ યમુનામાં બેસુમાર ગંદકી ઠલવાય છે.

ભગવાન કૃષ્ણને જન્મ વખતે યમુના નદીએ માર્ગ કરી આપ્યો હતો. નદીમાં રહેતા શેષનાગે વરસાદની અસર ના થાય એટલે બાલકૃષ્ણ પર છત્ર ધર્યું હતું. સૂર્યની પુત્રી અને મૃત્યુના રાજા યમની બહેનપણી છે.

યમનોગી પરથી યમુના આવ્યું. આજે તે ગંદગોત્રી બની ગઈ છે. આપણે ત્યાં જન્માષ્ટમી રંગેચંગે ઉજવાય છે. પરંતુ કૃષ્ણજન્મમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી યમુનાને આપણે ભૂલી ગયા છીએ કહે છે કે ૩૦ વર્ષ પહેલાં યમુનાનો ખળખળ અવાજ મોડી રાત્રે દિલ્હીમાં સાંભળી શકાતો હતો.

જોકે ત્યારે દિલ્હીની વસ્તિ ૭૫ લાખની હતી આજે દિલ્હીની વસ્તિ દોઢ કરોડ ઉપર પહોંચી ગઈ છે. ૧૩૭૬ કિ.મી.નો ટ્રેક કાપતી યમુનાને યમુના મૈયા તરીકે પૂંજાય છે પરંતુ એક અંગ્રેજી લેખકે તેને

"India's dying goddees' કહ્યું છે.

### ચાર લાખ પચાસ હજાર કરોડ ખર્ચાયા બધા પાણીમાં ગયા, સુપ્રીમની લાલ આંખ

**લોકવિચાર**

### આપણાં દેશમાં ધર્મભીરૂતા છે

આપણા દેશમાં ધર્મભીરૂતા છે, ધર્મભાવના નથી. ગામેગામમાં રામલીલા અને શ્રીકૃષ્ણની લીલાઓ થાય છે. ઘર ઘરમાં ગણપતિની સ્થાપના, પૂજા-આરતી થાય છે. એક-એક ઉત્સવમાં વીસ-વીસ, ત્રીસ-ત્રીસ હજાર રૂપિયા ખર્ચ થઈ જાય છે. કેવળ મનોરંજન, તમાશો હોય છે. લોકો આવે છે તાળીઓ વગાડે છે, તમાશો જુએ છે. પ્રસાદ, ચા, નાસ્તો લે છે અને ચાલ્યા જાય છે.

ધર્મની ભાવનાનો ખરાબ રીતે દુરૂપયોગ થઈ રહ્યો છે. એને એવી દિશામાં લગાવી દેવામાં આવે જેનાથી વ્યક્તિનું શ્રેષ્ઠ નિર્માણ થાય. માણસોના વિચારો તથા ભાવનાઓ બદલાય અને સમાજને સારાં રસ્તા પર ચાલવાનો પ્રકાશ મળે. દેવર્ષિ નારદ હંમેશા ભજન-કીર્તન ગાતાં ગાતાં લોકોમાં સદવિચારનો તથા સદજ્ઞાનનો પ્રચાર કરતા હતાં. તેમણે કેટલાય પતિતોને ઊંચે ઊઠાવ્યા અને પાપીઓને સારાં કાર્યોમાં વાળ્યા.

મુંબઈ - જયેન્દ્ર ગોકાણી

### જ્ઞાન કેન્દ્રોને તાળાં

૨૧મી સદી જ્ઞાનની સદી છે. વિશ્વમાં અને ભારતમાં ગ્રંથાલયો જ્ઞાનના કેન્દ્રો તરીકે ઓળખાતા થયા છે. જ્ઞાનાકેન્દ્રોમાં પ્રજાને જાગૃત કરવાની શક્તિ પડેલી છે. પણ, ગુજરાતમાં આવા જ્ઞાનના કેન્દ્રોને તાળાં લગાવવાની-નિષ્ક્રિય રાખવાની શરૂઆત થઈ ચૂકી છે. ગ્રંથોમાં રહેલા જ્ઞાનની કોઈને કશી જાણે ફિકર જ નથી. સરકારશ્રીને કદાચ પ્રજાની જાગૃતિનો ભય તો નહીં હોય ને?

તાજેતરમાં 'પરબ' માસિકના સપ્ટેમ્બર ૨૦૧૨ના અંકમાં પ્રસિદ્ધ થયેલો તંત્રીલેખ તથા 'ગુજરાત સમાચાર' દૈનિકમાં પ્રસિદ્ધ થયેલા બે સમાચારોએ બુદ્ધિજીવીઓને કેટલી અસર પહોંચાડી હશે તે તો તેમની સંવેદનશીલતા પર આધાર રાખે છે: વિશાળ અને સમૃદ્ધ ગુજરાત કોલેજનું ગ્રંથાલય વર્ષોથી બંધ છે. રજૂઆતોને કોઈ કોઈ સાંભળતું નથી. બીજું ગાંધીનગરની એક એન્જીનીયરીંગ કોલેજનાં ગ્રંથાલયને તાળુ માર્યું છે કારણ ગ્રંથપાલ નથી આજે તો ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ગ્રંથપાલ વિહોણા (ગ્રંથાલયો) જેને જ્ઞાનકેન્દ્રો કહેવામાં આવે છે તે, સામાન્ય બાબત થઈ ગઈ છે.

સરકાર પરવાનગી આપતી જ નથી. ગુજરાતમાં શાળા, કોલેજ અને યુનિવર્સિટીઓમાં આવી હજાર ઉપરાંત જગ્યાઓ વર્ષોથી ખાલી છે. શિક્ષણકારોએ અને સરકારે સંવેદનશીલતા ગુમાવી દીધી છે. અનુદાન લેતાં સાર્વજનિક ગ્રંથાલયો તો મરવાને વાંકે જીવી રહ્યાં છે.

એક વખત વિશ્વમાં ગ્રંથાલય ક્ષેત્રે આગળ ગુજરાત આજે આ ક્ષેત્રે અત્યંત પછાત છે. આધુનિક જ્ઞાનકેન્દ્રો વિના આધુનિક શિક્ષણ કે જ્ઞાન આધારિત સમાજ કેવી રીતે સંભવી શકે? સારા ખેડૂત વગર ઉત્તમ ખેતી ઉપજ શક્ય નથી તેમ ગ્રંથપાલ વગર જ્ઞાનકેન્દ્રોની ઉત્તમ સેવાઓની અપેક્ષા કેવી રીતે રાખી શકાય. અમેરિકા, ઈંગ્લાંડ વગેરે દેશોએ જ્ઞાન કેન્દ્રોની શક્તિ પારખીને તેમને ત્યાં ઉત્તમ જ્ઞાનકેન્દ્રો ઉભા કર્યાં છે. અમેરિકા તો ગ્રંથાલયોનો દેશ છે.

'વાંચે ગુજરાત' અભિયાન ઉત્તમ કહેવાય. વિશ્વ વિખ્યાત કહેવાય. ખૂબ વંચાયું. સરકારી અને પ્રજાના ખર્ચે પણ પછી શું ? આ વાંચન ઉભરો સમાઈ રહ્યો છે - સારા 'જ્ઞાનકેન્દ્રો'ને અભાવે.

**અમદાવાદ - પ્રવીણ સી. શાહ**

# દિવાળીના નાસ્તા વચ્ચે રાજકીય ચર્ચા

ગુજરાતમાં ચૂંટણીનું વાતાવરણ હજુ જોઈએ એવું જામ્યું નથી. 'કોને જોઈએ એવું?' એવો સવાલ અસ્થાને છે. શાસકપક્ષ વધુ એક વાર એક તગડા 'ગુજરાતશત્રુ'ની શોધમાં છે. છે કોઈ કાલ્પનિક-વાસ્તવિક પાત્ર, જેનાથી ગુજરાતીઓને 'હું નહીં હોઉં તો બાવો પકડી જશે' સ્ટાઈલમાં બીવડાવી શકાય? અને જેનાથી છ કરોડ ગુજરાતીઓના રક્ષણનો દાવો કરી શકાય? ફળદ્રુપ કલ્પનાશીલતા ધરાવતા લોકો પોતપોતાની કલ્પના - અને યોગ્ય વળતરની અપેક્ષા-સાથે શાસક પક્ષનો સંપર્ક સાધી શકે છે.

દરમિયાન, વિરોધ પક્ષે એટલા બધા મુદ્દા શોધી કાઢ્યા છે કે મતદારોની હાલત પચાસ-પંચોતેર વાનગીઓના બુફે ડીનરમાં પહોંચી ગયેલા નિમંત્રીતો જેવી થઈ શકે છે. વધુ પડતી પસંદગીના ગૂંચવાડાને લીધે, જમનાર મૂંઝાઈ જાય અને 'આના કરતાં તો ઘરનાં ખીચડી-કઢી સારાં' એવા નિષ્કર્ષ પર પહોંચે, એવું પણ બનતું હોય છે.

ચૂંટણી નજીક આવશે તેમ દરેક ચર્ચાનું ચૂંટણીકરણ થવા લાગશે. રાજકારણના રસિયા જીવોને જડચેતનઅર્ધચેતન તમામ પદાર્થો ચૂંટણીરંગે રંગાયેલા લાગશે. તો પછી દિવાળી નિમિત્તે આવનારા નાસ્તા ને મીઠાઈઓ તેમાંથી કેવી રીતે બાકાત રહી શકે?

ધારો કે જુદા જુદા દિવાળીનાસ્તા વચ્ચે ગુજરાતની ચૂંટણીસંબંધી રાજકીય ચર્ચા છેડાઈ જાય તો?

***

**ચોળાફળી:** (નિ:સાસાના સૂરમાં) આવી ગઈ વધુ એક ચૂંટણી. અમારામાંથી ઘણા સંગઠનનું કામ કરવામાં જ ઘસાઈને લાંબા થઈ ગયા. છતાં ચૂંટણી જીત્યા પછી કોઈ એમનો ભાવ સરખો પૂછતું નથી.ઉપરથી અમારી ગેરહાજરમાં એવું કહેવામાં આવે છે કે 'ચોળાફળી આમ બહુ સરસ, પણ એ એક જ વાર લેવાય. બીજી વાર લઈએ તો તબિયત બગાડે.' આ કુપ્રચાર વિશ્વસનીય લાગે એટલે તેને 'નો રીપીટ થીયરી' જેવું નામ આપવામાં આવ્યું છે... ખરેખર, હવે બહુ થયું. આપણી આ છેલ્લી દિવાળી...એટલે કે છેલ્લી ચૂંટણી.

**ઘુઘરો:** (પોતાની ફુલેલી દેહયષ્ટિ ભણી ગૌરવછલકતી નજર નાખીને) એમ લાંબા થઈ જવાથી રાજકારણમાં આગળ આવી જવાતું હોત તો અમિતાભ બચ્ચન ક્યારનો વડાપ્રધાન બની ગયો ન હોત? આપણામાં જુદી જાતનો મસાલો હોવો જોઈએ. સમજ્યા? ખિસ્સાં ભરેલાં ને તેમાં રહેલો મસાલો વેરવાની તૈયારી રાખવી પડે. બાકી, સંગઠનવાળા તો ધક્કાફેરા ને મજૂરીનાં કામ આવે ત્યારે જ બધાને યાદ આવે છે. મને યાદ છે, પહેલાં મારું ખિસ્સું ભરેલું ન હતું ત્યારે લોકો મને 'પૂરી' કહેતા હતા ને મારી મજાક ઉડાવતા હતા.

**મઠિયાં:** સાવ એવું પણ નથી. મારું ખિસ્સું ભરેલું દેખાય છે? છતાં અમે કેટલાં લોકપ્રિય છીએ. ગુજરાતમાં નેનો પ્લાન્ટે જેટલી રોજી પેદા નહીં કરી હોય, એટલી અમારા થકી લોકોને મળી છે. અમારા લીધે કેટલાંય ઉદ્યોગગૃહો, આઈ મીન ગૃહઉદ્યોગો, કમાઈ ગયા ને બે પાંદડે નહીં, બે સેઝે થઈ ગયા. ચોળાફળીઓને આવડ્યું નહીં. મેં એમને પૂછ્યું હતું કે બોલો, અમારી ટીમમાં રહેશો? પણ ચોખ્ખો જવાબ આપવાને બદલે એ લોકો કે'શું, કે'શું- એમ કહીને ટાળતા રહ્યા ને પછી કહેવા બેઠા ત્યારે બહુ મોડું થઈ ગયું હતું.

**ચોળાફળી:** હા, ભઈ. કહેવામાં મોડું થયું એ તો લાગે જ છે. આપણે ત્યાં કોઈ એક વાર ચાલે એટલે ચાલી નીકળે. પછી કોઈ બહુ વિચારતું નથી. બાકી મઠિયાં ખાધા પછી દાઢે વળગે કે ન વળગે, પણ દાંતે તો ચોંટે જ છે. છતાં મઠિયાંનું ઈમેજ બિલ્ડિંગ જ એવું થયું કે જાણે એ ગુજરાતની સંસ્કૃતિનાં પ્રતિનિધિ અને

**બોલ્યુંચાલ્યું માફ**
**- ઉર્વીશ કોઠારી**

ગુજરાતની અસ્મિતાનો પર્યાય હોય. ગુજરાતમાં તો ઠીક, ઈંગ્લેન્ડ-અમેરિકામાં પણ ગુજરાતોએ 'ગુજરાતી નાસ્તો એટલે મઠિયાં ને મઠિયાં એટલે ગુજરાતી નાસ્તો' એવું ફેલાવી દીધું.

**મઠિયાં:** આ બધી તો જૂની વાત થઈ. હવે મારી ગણતરી ગુજરાતી નહીં, રાષ્ટ્રિય નાસ્તા તરીકે થાય છે. બ્રિટિશ એરવેઝની ફ્લાઈટમાં વેજિટેરિયન મુસાફરોને નાસ્તામાં મઠિયાં અપાય એવી પણ વાત છે.

**ચોળાફળી:** અમે લોકોને કહી કહીને થાક્યા કે 'હવે મઠિયાં ક્યાં સુધી ખાધા કરશો? કંઈક બદલો. પરિવર્તન કરો.'

**ફરસી પુરી:** પણ જેવું તમે કહો કે 'પરિવર્તન એટલે મઠિયાંની જગ્યાએ ચોળાફળી', એ સાથે જ બાકીના બધા હસવા લાગે છે. તમારી પીઠ પાછળ કહે છે પણ ખરા કે 'મઠિયાં ને ચોળાફળી- બન્ને એક જ ફેક્ટરીમાંથી બહાર પડેલાં છે. એમાં પરિવર્તન ક્યાં આવ્યું?

**સુંવાળી:** એક વખતે અમારું મહત્ત્વ પણ આટલું જ હતું. એક જ થાળીમાંથી અમે ખવાતાં, ભૂકામાં ફેરવાતાં અને દિવાળીના તહેવારો પૂરા થયા પછી બનતી વધેલા નાસ્તાની ભેળમાં પણ અમે સાથે જ ઠલવાતાં. હવે તો જાણે અમે કોઈને યાદ જ આવતાં નથી. ઘણા સ્વાદશાસ્ત્રીઓ કહે છે કે ગુજરાતમાં લોકોને ચટાકેદારનો ચસકો લાગ્યો છે એટલે સુંવાળીનો સ્વાદ તેમને નહીં ભાવે.

**મગસ:** ખોટી વાત છે. આ બધી માર્ક્સવાદી સ્વાદશાસ્ત્રીઓની કાલ્પનિક થીયરી છે. ગુજરાતીઓને ફક્ત ચટાકેદાર જ ભાવે છે એ વાત સાચી હોત, તો અમે પણ ડાયનોસોરની માફક દિવાળીના નાસ્તાની થાળીમાંથી લુપ્ત ન થઈ ગયા હોત?

**કાજુકતરી** (આળસ મરડીને): એટલે તમે એમ કહેવા માગો છો કે તમે હજુ 'વેરી મચ ઈન' છો? તમને ખબર લાગતી નથી કે દિવાળીની શહેરી 'થાળી'માંથી તમને ક્યારની વિદાય મળી ગઈ છે.

**મગસ:** પણ અમે ગાંધીવાદી સંસ્કાર ધરાવીએ છીએ.બાપુએ કહ્યું હતું કે અસલી ભારત તો ગામડાંમાં વસે છે. ગ્રામ્ય વિસ્તારોમાં હજુ અમારું ચલણ છે.

**રતલામી સેવ:** આવા ને આવા ભ્રમમાં રાચવાને કારણે અને બીજું કશું કર્યા વગર ગાંધીનું નામ વટાવી ખાવાની ફિરાકમાં ગુજરાત કોંગ્રેસની હાલત કેવી થઈ હતી, ખબર નથી? પોતાનો પક્ષ કદી ગુજરાતનો શાસક પક્ષ હતો, એ વાત જ કોંગ્રેસના ઘણા નેતા ભૂલી ગયા...પણ જવા દો. અમે સાચું કહીએ ત્યારે અમારી વાત બધાને બહુ તીખી લાગે છે.

**સાદી સેવ:** એ રતલામી સેવ, તારે ગુજરાતની બાબતમાં માથું મારવાની જરૂર નથી. તું બહારની હોવા છતાં તને માનપાન આપીએ એનો અર્થ એવો નહીં કે તારે ગાંધીજી વિશે એલફેલ બોલવાનું.

**રતલામી સેવ:** જોયું? કહ્યું'તું ને કે મરચાં લાગશે? પણ ગાંધીજી વિશે મેં ક્યાં કશું કહ્યું? મેં તો પડ્યા પછી પણ ટંગડી ઊંચી રાખતા મગસના બચાવને રાજકીય સંદર્ભમાં મૂકી આપ્યો.

**પૌંઆનો ચેવડો:** આ ખરું કહેવાય. મગસની ઝાટકણી કાઢો તો ગાંધીનું અપમાન થાય ને મઠિયાંની ટીકા કરો તો ગુજરાતની ટીકા થાય.

બેકરીમાં પડાવેલાં બિસ્કિટ મગસના બચાવમાં કંઈક કહેવાનો પ્રયાસ કરે છે, ત્યારે મઠિયાં ને ચોળાફળી ભેગાં મળીને બિસ્કિટને 'વિદેશી કુળનાં' ગણાવીને, 'આ દિવાળીની વાત ચાલે છે. નાતાલ વિશે વાત કરીએ ત્યારે તું બોલજે' એમ કહીને તોડી પાડવાનો પ્રયાસ કરે છે. તેનાથી હોહા થઈ જાય છે અને સંસદની જેમ ઘોંઘાટથી ચર્ચાનો અવિધિવત્ અંત આવે છે.

C M Y K